આંક–૧ નીચે હુકમ :– ક્રિ.કેસ નં.૫૬૮૫૬/૧૯

૧) આ કામમાં પોલીસ સ્ટેશન વ્દ્રારા આરોપી વિરુધ્ધ ઈ.પી.કો.ક.૨૭૯ તથા એમ.વી.એકટની કલમ–૧૮૪,૩/૧૮૧,૧૩૦(૩),૧૪૬(૧),૧૯૬, ૧૭૭ મુજબના ગુનાનું ચાર્જશીટ કરવામાં આવેલ છે. આ કામે આરોપી અદાલતમાં હાજર થતાં તેઓને પોલીસ તપાસના ચાર્જશીટની નકલો ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ અન્વયે વિનામુલ્યે આપવામાં આવેલ છે. આરોપી સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરવા માંગતા હોઈ તેઓ વ્દ્રારા ગુના કબુલાત પુરસીસ આંક–૨ થી રજુ કરેલ છે અને ત્યારબાદ આરોપીની ચાર્જશીટમાં જણાવેલ ગુના માટે પ્લી/નિવેદન લેતાં તેમાં પણ આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

૨) સજા બાબતે આરોપીને સાંભળ્યા, આરોપી આ તેમનો પ્રથમ ગુનો છે તેમ જણાવે છે અને ગુના બદલ પસ્તાવો થાય છે અને ભવિષ્યમાં આ પ્રકારનો ગુનો ફરીથી નહીં કરવા ખાત્રી આપે છે અને દયા કરવા જણાવે છે. એ.પી.પી.શ્રીએ આરોપીઓને કાયદા મુજબ થઈ શકતી યોગ્ય સજા કરવા જણાવેલ છે.

૩) આ કેસની તમામ હકીકત તથા સંજોગોને તથા આરોપી વિરુધ્ધના ગુના અંગે થઈ શકતી સજાની જોગવાઈ ધ્યાનમાં લેતાં નીચે મુજબ હુકમ કરું છું.

– ૦ હુકમ ૦ –

આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ હેઠળ ઈ.પી.કો.ક.૨૭૯ તથા એમ.વી.એ.કલમ–૧૮૪,૩/૧૮૧, ૧૩૦(૩),૧૪૬(૧),૧૯૬,૧૭૭ મુજબના ગુના માટે તકસીરવાન ઠરાવી રૂા.૧૫૦૦/–(અંકે એક હજાર પાંચસો ) પુરા દંડ કરવામાં આવે છે, જો દંડ ના ભરે તો અરોપીને ૦૨ દિવસની સાદી કેદની સજા કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૧૩–૭–૨૦૧૯

(એ.એચ.મુન્દ્રા)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૪,અમદાવાદ.
GJ-01010